CIN U40109GJ2004SGC045195

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.
ફોન ૨૩૩૮૨૮૧ –૮૬ ફેકસ : ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪/
૨૩૪૦૨૦૫

ક્ર. જીયુવીએનએલ-ટેક-૨-આરએનઆર- ૨૭૧૧ તા. 30.1.17

ફેક્સ દ્વારા

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી
દક્ષિણ/ મધ્ય/ ઉત્તર/ પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની
કોર્પોરેટ ઓફીસ – સુરત/ વડોદરા/ મહેસાણા/ રાજકોટ

વિષય - ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવા બાબત.
સંદર્ભ -ઉ અને પે વિભાગ, ગાંધીનગરને પરિપત્રાંક-જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા.૨૪.૦૧.૨૦૧૭.

માનનીયશ્રી,

ગામતળ બહાર વાડી વિસ્તારમાં વસવાટ કરતાં લોકો, ગામતળ બહાર ખેતી વિષયક પરંતુ ખેતી માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વસવાટ કરતાં લોકોને, ખેતીની જમીનમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ/ છાત્રાલયોને, ખેતીની જમીનમાં બનાવેલા ઔદ્યોગિક/ વાણિજય/ એગ્રો ઇન્ડસ્ટ્રીઝના એકમોને તથા ખેતીની જમીનમાં ઊભા કરવામાં આવેલા પોલ્ટ્રીફાર્મ, તબેલા/ નોંધાયેલ કેટલશેડ્સ (ઢોરવાડા), ઝીંગા ફાર્મ, ,ગૌશાળા, તમાકુની ખળી, મોબાઇલ ટાવર, મીલ્ક ચીલીંગ પ્લાન્ટ, મેંગો રાઇપનીંગ વગેરે તમામ પ્રકારના વીજ ગ્રાહકોને વીજ જોડાણો આપવા અંગેની વિવિધ સ્તરેથી રાજ્ય સરકારને મળતી રજૂઆતોને લક્ષમાં લઈ આ તમામને વીજ જોડાણો આપવા માટેની સર્વગ્રાહી નીતિ ઘડવાની બાબત છેલ્લા કેટલાક સમયથી વિચારણાધીન હતી. રાજય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ ગામતળની બહાર વસવાટ કરતાં લોકોને અલગ અલગ હેતુ માટેના વીજ જોડાણો આપવાની મંજૂરી તા. ૨૪/૦૧/૨૦૧૭ના પરિપત્રાંક - જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧ થી નીચે મુજબના નિયમો/શરતો/ધારાધોરણોને આધિન આપવાનુ ઠરાવેલ છે.

## (૧) વાડી વિસ્તારમાં છૂટછવાયા ઘરોમાં રહેણાંક હેતુ માટે વીજજોડાણ આપવા બાબતની નીતિ.

1. હાલમાં, જીયુવીએનએલના વીજવિતરણ પરિપત્ર ૭૮૪ ક, તા. ૨૭.૭.૨૦૦૫ પ્રમાણે, ખેતીવાડી જમીનમાં આવેલા છૂટછવાયા મકાનોમાં રહેણાંક હેતુ માટે ખેતીવાડી ફીડર પરથી ૮ કલાક, થ્રી ફેઝ વીજ પુરવઠો અને સ્પે.ડીઝાઇન ટ્રાન્સફોર્મર (SDT) દ્વારા સતત સીંગલ ફેઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.
2. આવા કનેકશન માટે નીચે પ્રમાણેના ધારાધોરણો છે:
   3 KW સુધીનું સીગલ ફેઇઝ વીજ જોડાણ એજી ફીડર પરથી લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.

3 KW સુધીના સીંગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ રૂા. ૧ લાખ સુધી (ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી પ્રમાણે) હોય એ ચૂકવવાપાત્ર રહેશે. ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી અનુસાર હાલ કૃષિ હેતુ જમીન ઉપરના રહેણાંકોમાં જે SDT આધારીત વીજ જોડાણ આપવામાં આવે છે એ રીતે જ રહેશે.

3. જો આવા વીજ જોડાણ માટે જેજીવાય ફીડર લંબાવવામાં આવે તો જેજીવાય યોજના અંતર્ગત ખેતીવાડી ફીડરને અલગ કરવાનો હેતુ સર થતો નથી. તેમજ વીજચોરી અને અકસ્માતની શકયતાઓ વધી જાય છે, આથી હયાત નીતિ મુજબ જ આવા વીજજોડાણ ખેતીવાડી ફીડર પરથી જ આપવા યોગ્ય છે.
4. વીજચોરી અને અકસ્માત નિવારવા, HT વીજ લાઇન માટે જરૂર જણાય ત્યાં, વીજ લાઇન ક્રોસીંગ દૂર કરવા ઓવરહેડ HT AB CABLEનો ઉપયોગ કરવાનો રહેશે.
5. વાડીવિસ્તારમાં એક સર્વે નંબરમાં વારસાઈહક ભોગવતા, એકથી વધુ કુટુંબ રહેતા હોય અને વારસાઈહક માટેનો તલાટી/મામલતદાર દ્વારા આપવામાં આવતો પુરાવો રજુ કરે, તો તે તમામને સિંગલ ફેઝ ઘરવપરાશ માટેના વીજ જોડાણ આપવાના રહેશે.
6. એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાનો વિસ્તાર કે છૂટોછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય, તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફિડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે.
7. સરકારે ખરાબા/ પડતર જમીનમાં મકાન બનાવીને રહેતા કુટુંબે વીજ જોડાણ લેવા સક્ષમ અધિકારીનું "ના વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે. (દા.ત., ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અને શહેરી વિસ્તાર માટે ચીફ ઓફિસર દ્વારા પ્રમાણિત કરવાનું રહેશે.)

## (૨) ગામતળ બહાર ખેતી વિષયક હેતુ માટે ઉપયોગમાં ન લેવાતી હોય તેવી જમીનમાં આવેલા મકાનોને (ટ્રાયબલ વિસ્તાર માટે ૧૦ અને નોન-ટ્રાયબલ વિસ્તાર માટે ૧૫ કે તેથી વધુ મકાનોના જૂથને) જેજીવાય ફીડર પરથી પાવર આપવાની નીતિ.

1. ટ્રાયબલ વિસ્તાર માટે ઓછામાં ઓછા ૧૦ અને નોન ટ્રાયબલ વિસ્તાર માટે ઓછામાં ઓછા ૧૫ વીજ જોડાણોની માંગણી હોવી જોઈએ. સદર જૂથ સદરહુ જમીનનો ઉપયોગ રહેણાક હેતુ માટે કરે છે તે અંગેનો સ્થાનિક તલાટી મંત્રીનો દાખલો રજૂ કરવાનો રહેશે.
2. સદર જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રામાણિત હોય તો તેવા પેટા પરા વિસ્તારને અગાઉ આપાયેલ જ્યોતીગ્રામ યોજનાના નિયમો મુજબ વીજળીકરણનો લાભ અપાશે. તેમજ સદર પેટાપરા/ જૂથને જ્યોતીગ્રામ ફીડર સાથે જોડવાનો ખર્ચ DDUGJY હેઠળ કરવાનો રહેશે.
   *જો DDUGJY યોજના અંતર્ગત જોગવાઈ ન હોય તો, તેવા કિસ્સાઓમાં આ ખર્ચ Kutir Jyoti/ TASP/ લાગુ પડતી અન્ય યોજના હેઠળ કરવાનો રહેશે.
3. જો સદર પેટાપરા/ જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રમાણિત ન હોય તો તેવા કિસ્સામાં કનેકશન આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ, જુથના તમામ અરજદાર-સભ્યો પાસેથી માંગેલા વીજભારના પ્રમાણ મુજબ વસુલીને જરુરીયાત મુજબ સિંગલ ફેઝ/થ્રી ફેઝ વિજ જોડાણ, જે તે સમયના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ આપવામાં આવશે.
4. વીજચોરી અને અકસ્માત નિવારવા આવા કનેકશનને નજીકના હયાત હળવા દબાણવાળા વીજરેષામાંથી એલટી એબીસી દ્વારા વીજપુરવઠો પૂરો પાડવામાં આવશે અથવા HVDS પધ્ધતિ દ્વારા વીજપુરવઠો પૂરો પાડવામાં આવશે, અને HT લાઇન માટે ઓવરહેડ HT AB CABLEનો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે.
5. હાલમાં, કોઈ પેટાપરામાં હયાત વીજજોડાણનો વીજપુરવઠો જો ખેતીવાડી ફિડર પરથી મળતો હોય અને આ નીતિ મુજબ તે જેજીવાય ફીડર પરથી વીજપુરવઠો લેવા માંગે તો ઉપરોક્ત શરતોને આધીન ફેરફાર કરાવી શકશે.

## (3) ખેતીવિષયક જમીનમાં આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, રાજ્ય/ કેન્દ્ર સરકાર હસ્તકની યુનિટ તેમજ જાહેર હેતુ માટે કોઈ સંસ્થા દ્વારા માંગવામાં આવેલ વીજ કનેકશનો માટેની ૨૪ કલાકના ફીડર પરથી વીજ કનેકશન આપવાની સર્વગ્રાહી નીતિ.

1. આવા વીજજોડાણ માટે જમીન માલીકીના પૂરાવા તેમજ સરકારમાન્ય પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે
2. સૂચિત કનેક્શનની જગ્યા ચારે બાજુથી દિવાલ અથવા ફેન્સીંગ દ્વારા અલગ હોવી જોઈએ.
3. આવા કનેકશન માટે નીચે પ્રમાણેના ધારાધોરણો છે:
   - ૧) 3 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઇઝ વીજ જોડાણ એજી ફીડર પરથી લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.
     3 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ રૂા. ૧ લાખ સુધી (ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી પ્રમાણે) હોય એ ચૂકવવાપાત્ર રહેશે. ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી અનુસાર હાલ કૃષિ હેતુ જમીન ઉપરના રહેણાંકોમાં જે SDT આધારીત વીજ જોડાણ આપવામાં આવે છે એ રીતે જ રહેશે.
   - ૨) 3 KW કરતાં વધુ અને 6 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઝ વીજ જોડાણ જેજીવાય ફીડર પરથી સીંગલ ફેઝ ટ્રાન્સફોર્મર દ્વારા લાગુ પડતા ટેરીફ આધારે આપવામાં આવશે.
     3 KW કરતાં વધુ અને 6 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ હોય એ ચૂકવવાપાત્ર રહેશે.
   - 3) 6 KW કરતાં વધુ વીજમાંગ હોય અને અરજદાર સતત વીજ પુરવઠો મેળવવા ઇચ્છતો હોય તો થ્રી ફેઇઝ વીજ જોડાણ નજીકના જેજીવાય/અર્બન ફીડર પરથી વાસ્તવિક ખર્ચ વસૂલીને લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.
4. સદર વીજ જોડાણ માત્ર HVDS પધ્ધતિ દ્વારા જ અપાશે અને HT લાઇન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.
5. વીજજોડાણનું મીટર (પોઈન્ટ ઓફ સપ્લાય) માંગેલ જગ્યાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આપવાનું રહેશે.

## (૪) ખેતીવિષયક અથવા અન્ય હેતુ માટેની જમીનમાં ઔદ્યોગિક, વાણિજય, એગ્રો ઇન્ડસ્ટ્રીઝના વીજ કનેકશનો માટેની ૨૪ કલાકના ફીડર પરથી વીજ કનેકશન આપવાની સર્વગ્રાહી નીતિ.

1. આવા કનેકશન માટે નીચે પ્રમાણેના ધારાધોરણો છે.
   - ૧) 3 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઇઝ વીજ જોડાણ એજી ફીડર પરથી લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.
     3 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ રૂા. ૧ લાખ સુધી (ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી પ્રમાણે) હોય એ ચૂકવવાપાત્ર રહેશે. ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી અનુસાર હાલ કૃષિ હેતુ જમીન ઉપરના રહેણાંકોમાં જે SDT આધારીત વીજ જોડાણ આપવામાં આવે છે એ રીતે જ રહેશે.
   - ૨) 3 KW કરતાં વધુ અને 6 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઝ વીજ જોડાણ જેજીવાય ફીડર પરથી સીંગલ ફેઝ ટ્રાન્સફોર્મર દ્વારા લાગુ પડતા ટેરીફ આધારે આપવામાં આવશે.
     3 KW કરતાં વધુ અને 6 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ હોય એ ચૂકવવાપાત્ર રહેશે.

3) 6 KW કરતાં વધુ વીજમાંગ હોય અને અરજદાર સતત વીજ પુરવઠો મેળવવા ઇચ્છતો હોય તો થ્રી ફેઇઝ વીજ જોડાણ નજીકના જેજીવાય/અર્બન ફીડર પરથી વાસ્તવિક ખર્ચ વસૂલીને લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.

2. જમીન માલિકીના પુરાવા રજૂ કરવાના રહેશે.
3. વીજમાંગના સ્થળનુ મુખ્ય પ્રવેશદ્વાર, એપ્રોચ રોડથી ૫૦૦ મીટરથી વધારે દૂર ન હોવુ જોઇએ.
4. વપરાશ હેતુની જગ્યાની ખાત્રીનું પ્રમાણપત્ર સક્ષમ સ્થાનિક અધિકારીનો દાખલો રજૂ કરવાનો રહેશે.
5. સૂચિત કનેક્શનની જગ્યા ચારે બાજુથી દિવાલ અથવા ફેન્સીંગ દ્વારા અલગ હોવી જોઈએ.
6. આવા કનેકશન આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ અરજદાર પાસેથી વસુલીને, જે તે સમયના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ કનેક્શન આપવામાં આવશે.
7. સદર વીજ જોડાણ માત્ર HVDS પધ્ધતિ દ્વારા જ અપાશે અને HT લાઇન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.
8. વીજજોડાણનું મીટર (પોઈન્ટ ઓફ સપ્લાય) માંગેલ જગ્યાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આપવાનું રહેશે.
9. સદર વીજ પુરવઠો મંજૂર કરાવેલ ચતુ:સીમાઓની અંદરજ વાપરી શકાશે. આ ચતુ:સીમાઓની બહાર અન્ય હેતુ માટે વીજ પુરવઠો વાપરી શકાશે નહી. જો તેમ થશે તો હેતુ ફેરના ગુન્હા થકી દંડનીય આકારણી ભરવા પાત્ર રહેશે અને વીજ પુરવઠો તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવશે અને 3 માસ સુધી પુન:વીજ જોડાણ થઈ શકશે નહી, આવી બાંહેધરી અરજદાર પાસેથી સ્ટેમ્પ પેપર પર લેવાની રહેશે.

## <u>(૫) પોલ્ટ્રીફાર્મ, તબેલા/ નોંધાયેલ કેટલશેડ્સ (ઢોરવાડા), ઝીંગા ફાર્મ, ,ગૌશાળા, તમાકુની ખળી, મોબાઇલ ટાવર, મિલ્ક ચિલીંગ પ્લાન્ટ, મેંગો રાઇપનીંગ વિગેરે કોમર્શીયલ એવી તમામ પ્રવૃતિઓ માટે સર્વગ્રાહી નીતિ.</u>

ખેતીની જમીનમાં જ્યોતીગ્રામ ફીડર લંબાવવાથી વીજ ચોરી અને અકસ્માતની સંભાવના હોવાથી, ખેતીવાડી વિસ્તારમાં 24 કલાક થ્રી ફેઇઝ પુરવઠો આપવો મુશ્કેલ છે. પોલ્ટ્રીફાર્મ, મિલ્ક ચિલીંગ પ્લાન્ટ, તબેલા/નોંધાયેલ કેટલશેડ્સ(ઢોરવાડા), ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મેંગો રાઇપનીંગ વિગેરે કોમર્શીયલ એવી તમામ પ્રવૃતિઓ માટેના કનેકશનમાં 3 KW કરતાં વધુ વીજભાર 24 કલાક આપવા અંગે રાજયના વિવિધ સ્તરેથી વ્યાપક રજૂઆતો મળેલ છે. ક્ષેત્રીય કચેરી કક્ષાએ સમાન અમલીકરણ થાય એ હેતુથી સર્વગ્રાહી નીતિ જરૂરી હોઇ એ માટે નીચે પ્રમાણેના ધારાધોરણો છે.

૧) 3 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઇઝ વીજ જોડાણ એજી ફીડર પરથી લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.

3 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ રૂા. ૧ લાખ સુધી (ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી પ્રમાણે) હોય એ ચૂકવવાપાત્ર રહેશે. ગુજરાત વીજ નિયમન પંચની મંજૂરી અનુસાર હાલ કૃષિ હેતુ જમીન ઉપરના રહેણાંકોમાં જે SDT આધિરીત વીજ જોડાણ આપવામાં આવે છે એ રીતે જ રહેશે.

૨) 3 KW કરતાં વધુ અને 6 KW સુધીનું વીજ કનેક્શન હોય તો સીગલ ફેઝ વીજ જોડાણ જેજીવાય ફીડર પરથી સીંગલ ફેઝ ટ્રાન્સફોર્મર દ્વારા લાગુ પડતા ટેરીફ આધારે આપવામાં આવશે.

3 KW કરતાં વધુ અને 6 KW સુધીના સીગલ ફેઇઝ વીજ જોડાણ માટે ગ્રાહકે વાસ્તવિક ખર્ચ અથવા KW આધારિત ફીકસ ચાર્જ એ બેમાંથી જે વધુ હોય એ ચૂકવવાપાત્ર રહેશે.

3) 6 KW કરતાં વધુ વીજમાંગ હોય અને અરજદાર સતત વીજ પુરવઠો મેળવવા ઇચ્છતો હોય તો થ્રી ફેઇઝ વીજ જોડાણ નજીકના જેજીવાય/ અર્બન ફીડર પરથી આપવામાં આવશે અને લાગુ પડતા ટેરીફ આધારે રહેશે.

**વીજહેતુની શુધ્ધતા ચકાસવા, સામાન્ય દસ્તાવેજો / પેપરો ઉપરાંત કેટલાક વિશિષ્ટ દસ્તાવેજો / પેપર્સ રજૂ કરવાના રહેશે. જે નીચે પ્રમાણે છે.**

પોલ્ટ્રી ફાર્મ માટે:

- પશૂપાલન વિભાગ દ્વારા પોલ્ટ્રી ફાર્મનું નામ, માલીકનુ નામ, સર્વે નંબર, વગેરે વિગતો પ્રમાણિત કરી આપવાની રહેશે.
- સક્ષમ સ્થાનિક અધિકારી દ્વારા મંજૂર થયેલ પોલ્ટ્રી ફાર્મનો લે-આઉટ અને મંજૂરીની વિગતરજૂ કરવાની રહેશે.

તબેલા/ નોંધાયેલ કેટલ શેડ્સ માટે:

- પશૂપાલન વિભાગ/ તલાટી દ્વારા પ્રમાણિત દાખલો આપવાનો રહેશે.

ઝીંગા ફાર્મ માટે

- મત્સ્ય ઉદ્યોગ માટે સક્ષમ અધિકારીનુ સર્વે નંબર અને ઉપયોગ દર્શાવતુ મંજૂરી પત્રક(Certificate of registration of Costal Aquaculture Farm, GOI)

ગૌશાળા માટે

- ટ્રસ્ટની નોધણી બાબતનો ચેરિટી કમિશનર દ્વારા પ્રમાણિત દાખલો રજુ કરવાનો રહેશે.

તમાકુની ખળી, મેંગો રાઇપનીંગ

- ખેતીવાડી અધિકારીની મંજૂરીનો દાખલો આપવાનો રહેશે.

મિલ્ક ચિલીંગ પ્લાન્ટ

- સક્ષમ સ્થાનિક અધિકારી /તલાટીની મંજૂરીનો દાખલો આપવાનો રહેશે.

મોબાઇલ ટાવર માટે:

- સક્ષમ સ્થાનિક અધિકારી / તલાટીની મંજૂરીનો દાખલો આપવાનો રહેશે.

નોર્મસ - નિયમો અને શરતો.

1. જમીન માલિકીના પુરાવા રજૂ કરવાના રહેશે.
2. આવા વીજ જોડાણો માટે એક સર્વે નંબરમાં બે વીજ જોડાણો અલગ અલગ હેતુ માટે આપી શકશે.
3. જે સર્વે નંબરમાં ખેતીવિષયક વીજજોડાણ કે ફાર્મહાઉસનું રહેણાંકનુ વીજ કનેકશન હયાત હશે, અને પ્રસ્તાવિત વીજ જોડાણ અને હયાત વીજ જોડાણ વચ્ચે ૫૦ મીટર કરતાં ઓછું અંતર હશે ત્યાં સદર બે વીજ જોડાણોને પાકી દીવાલ અથવા ફેન્સીંગ દ્વારા અલગ કરવાના રહેશે.
4. વીજમાંગના સ્થળનુ મુખ્ય પ્રવેશદ્વાર, એપ્રોચ રોડથી ૫૦૦ મીટરથી વધારે દૂર ન હોવુ જોઇએ.
5. સૂચિત કનેક્શનની જગ્યા ચારે બાજુથી દિવાલ અથવા ફેન્સીંગ દ્વારા અલગ હોવી જોઈએ.
6. આવા કનેકશન આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ અરજદાર પાસેથી વસુલીને, જે તે સમયના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ કનેક્શન આપવામાં આવશે. જો જુથમાં દરખાસ્ત થશે તો, સમગ્ર જુથના તમામ સભ્યો પાસેથી ભાગે પડતો ખર્ચ માંગેલા વીજભારના સહપ્રમાણ મુજબ વસુલાવાનો રહેશે.

7. 6 KWથી વધારે એટલે કે થ્રી ફેઇઝ વીજ જોડાણ માત્ર HVDS પધ્ધતિ દ્વારા જ અપાશે અને HT લાઇન માટે ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.
8. વીજજોડાણનું મીટર (પોઈન્ટ ઓફ સપ્લાય) માંગેલ જગ્યાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આપવાનું રહેશે.
9. સદર વીજ પુરવઠો મંજૂર કરાવેલ ચતુઃસીમાઓની અંદરજ વાપરી શકાશે અને એ અંગેનો નકશો રજૂ કરવાનો રહેશે. આ ચતુઃસીમાઓની બહાર અન્ય હેતુ માટે વીજ પુરવઠો વાપરી શકાશે નહી. જો તેમ થશે તો હેતુ ફેરના ગુન્હા થકી દંડનીય આકારણી ભરવા પાત્ર રહેશે અને વીજ પુરવઠો તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવશે અને 3 માસ સુધી પુનઃવીજ જોડાણ થઈ શકશે નહી, આવી નોટરાઇઝ બાંહેધરી અરજદાર પાસેથી લેવાની રહેશે.
10. માળખાગત સુવિધા સ્થાપવા,એટલે કે, HT Line &Transformer centre સ્થાપવા જરુરી જગ્યા અને મંજૂરીઓ (વાંધાવાળા કિસ્સામાં) અરજદારે મેળવી આપવાની રહેશે.
11. ગ્રાહકનુ વીજમીટર અરજદારની પ્રીમાઇસીસની બહારની બાજૂએ રીડીંગ તેમજ વીજ ચેકીગ સરળતાથી થઇ શકે એવી રીતે લગાવવાનું રહેશે.
12. જો કોઇ પણ સંજોગોમાં વીજ જોડાણ બંધ થાય (PDC/TDC) તો સંભવિત ગેરરીતી ટાળવા માળખાગત સુવીધા તાત્કાલીક દૂર કરવાની કે ઉતારી લેવાની રહેશે.
13. હાલમાં ગ્રાહક હયાત વીજ જોડાણનો વીજપુરવઠો જે ફિડર પરથી મેળવતા હોય તે બદલવા ઇચ્છતા હોય તેવા અરજદારે પોતાના ખર્ચે ફેરફાર કરાવી શકશે.
14. આવા તમામ વીજ જોડાણની પ્રસ્તાવના વિભાગીય કચેરી દ્વારા સર્ટીફાય કરી, સ્થળ ચકાસણી બાદ જ સર્કલ ઓફિસને મોકલવાની રહેશે અને સર્કલ ઓફિસ દ્વારા તેની મંજૂરી આપવાની રહેશે.

જાણ અને ક્ષેત્રીય કચેરી સ્તરે અમલીકરણની જરુરી સૂચના આપવા સારૂ.

આપનો વિશ્વાસુ,

કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)

<u>નકલ સાદર રવાના -</u>

✓ મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા.

<u>નકલ રવાના -</u>

✓ જનરલ મેનેજર (આઈ.ટી.), જીયુવીએનએલ, વડોદરા. -----જરૂરી કાર્યવાહી હેતુ
✓ લાયઝન ઓફિસરશ્રી માન. મંત્રીશ્રી (ઉર્જા) કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
✓ સેકશન ઓફીસરશ્રી (ક-૧ શાખા) ઉ અને પે વિભાગ સચિવાલય ગાંધીનગર.
✓ સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.
ફોન ૨૩૩૮૨૮૧ –૮૬ ફેકસ : ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪/ ૨૩૪૦૨૦૫
CIN U40109GJ2004SGC045195

ક્ર. જીયુવીએનએલ-ટેક-૨-આરએનઆર- 2727                                   તા. 31.01.17.

ફેકસ દ્વારા

પ્રતિ

મેનેજીંગ ડીરેકટરશ્રી

દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની

કોર્પોરેટ ઓફીસ - સુરત - વડોદરા - મહેસાણા - રાજકોટ

વિષય - ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવા બાબત.

સંદર્ભ –૧) ઉ અને પે વિભાગ, ગાંધીનગરનો પરિપત્રાંક-જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા.૨૪.૦૧.૨૦૧૭.

૨) અત્રેની કચેરીનો પત્રાંક – જીયુવીએનએલ – ટેક - ૨- આરએનઆર-૨૭૧૯, તા. ૩૦.૧.૧૭

માનનીયશ્રી,

ગામતળ બહાર વાડી વિસ્તારમાં વસવાટ કરતાં લોકો, ગામતળ બહાર ખેતી વિષયક પરંતુ ખેતી માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વસવાટ કરતાં લોકોને, ખેતીની જમીનમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ/ છાત્રાલયોને, ખેતીની જમીનમાં બનાવેલા ઔદ્યોગિક/ વાણિજય/ એગ્રો ઇન્ડસ્ટ્રીઝના એકમોને તથા ખેતીની જમીનમાં ઊભા કરવામાં આવેલા પોલ્ટ્રીફાર્મ, તબેલા/ નોંધાયેલ કેટલશેડ્સ (ઢોરવાડા), ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મોબાઇલ ટાવર, મીલ્ક ચીલીંગ પ્લાન્ટ, મેંગો રાઇપનીંગ વગેરે તમામ પ્રકારના વીજ ગ્રાહકોને વીજ જોડાણ આપવાની મંજૂરી તા. ૨૪/૦૧/૨૦૧૭ના પરિપત્રાંક - જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧ થી ચોકકસ નિયમો/ શરતો/ ધારાધોરણોને આધિન આપવાનુ ઠરાવેલ છે.

આ સબબ અત્રેથી સંદર્ભ - ૨ ના પત્ર દ્વારા આપની કંપનીને જાણ કરવામાં આવેલ હતી. સંદર્ભ - ૨ ના પત્રનો મુદા-૨.૨ નીચે મુજબ છે.

656/1 H.e.

(૨) ગામતળ બહાર ખેતી વિષયક હેતુ માટે ઉપયોગમાં ન લેવાતી હોય તેવી જમીનમાં આવેલા મકાનોને (ટ્રાયબલ વિસ્તાર માટે ૧૦ અને નોન-ટ્રાયબલ વિસ્તાર માટે ૧૫ કે તેથી વધુ મકાનોના જૂથને) જેજીવાય ફીડર પરથી પાવર આપવાની નીતિ.

૨.૨) સદર જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રામાણિત હોય તો તેવા પેટા પરા વિસ્તારને અગાઉ આપાયેલ જ્યોતીગ્રામ યોજનાના નિયમો મુજબ વીજળીકરણનો લાભ અપાશે. તેમજ સદર પેટાપરા/ જૂથને જ્યોતીગ્રામ ફીડર સાથે જોડવાનો ખર્ચ DDUGJY હેઠળ કરવાનો રહેશે.

*જો DDUGJY યોજના અંતર્ગત જોગવાઈ ન હોય તો, તેવા કિસ્સાઓમાં આ ખર્ચ Kutir Jyoti/ TASP/ લાગુ પડતી અન્ય યોજના હેઠળ કરવાનો રહેશે.

આમાં ઉપર જણાવેલ " જો DDUGJY યોજના અંતર્ગત જોગવાઈ ન હોય તો, તેવા કિસ્સાઓમાં આ ખર્ચ Kutir Jyoti/ TASP/ લાગુ પડતી અન્ય યોજના હેઠળ કરવાનો રહેશે." ને રદ ગણવાની રહેશે. સદર સૂચના સબંધિતને અમલી કરણ સારૂ આપવા નમ્ર વિનંતી.

આપની વિશ્વાસુ,

maralia

કા.વા. મુખ્ય ઇજનેર (ટેક)

નકલ સાદર રવાના -

✓ મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ, વડોદરા.

656/1